## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




આ લોકોએ ચૂંટણી પહેલા, ૧૦ રૂપિયાનું છોટા રિચાર્જ કરાવી લીધું...

# કોંગ્રેસના ધારાસભ્ય પુંજાભાઈ વંશને ધમકીભર્યા ફોન આવતા પોલીસ ફરિયાદ

**'પ્રાઇવેટ નંબર' પરથી અજાણી વ્યક્તિ સતત ફોન કરીને પુંજાભાઇ સાથે બેફામ ગાળાગાળી કરતો હોવાની ફરિયાદ**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧ એમ.એલ.એ ક્વાર્ટર ખાતે રહેતા ઉના વિસ્તારના કોંગ્રેસના ધારાસભ્ય પુંજાભાઈ વંશને પ્રાઈવેટ નંબર પરથી કોઈ અજાણી વ્યક્તિનો સતત ફોન આવી રહ્યો છે અને અજાણી વ્યક્તિ પુંજાભાઈ સાથે બેફામ ગાળાગાળી કરી રહ્યા છે. પુંજાભાઈએ આ પ્રાઈવેટ નંબર પરથી આવતા ફોનને ઉપાડવાનો બંધ કરી દીધો છે અને આ અજાણ્યો વ્યક્તિ પોતાને શારીરિક નુકસાન પહોંચાડી શકે તેવું જોખમ હોવાને કારણે પુંજાભાઈએ સેક્ટર-૨૧ પોલીસ મથકમાં પ્રાઈવેટ નંબર ધારક અજાણ્યા વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી છે. સેક્ટર-૨૧ પોલીસ મથકના પીઆઈ ટી.એલ.વાઘેલાએ ગુનો દાખલ કરીને પ્રાઈવેટ નંબર કોનો છે તે બાબત બહાર લાવવા અને ધમકીભર્યો ફોન કરનાર આરોપી સુધી પહોંચવા તપાસ શરૂ કરી છે.

ઉનાના વતની કોંગ્રેસના ધારાસભ્ય પુંજાભાઈ ભીમાભાઈ વંશ રાજયના પાટનગર ગાંધીનગરમાં સેકટર-૨૧ ખાતે સદસ્ય નિવાસ (એમ.એલ.એ ક્વાટર્સ) ખાતે મકાન નંબર ૨/૬ માં રહે છે. ધારાસભ્ય પુંજાભાઈ વંશે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ત્રીજી જાન્યુઆરીએ વહેલી સવારે છ વાગ્યાના સુમારે તેમના મોબાઈલ ઉપર 'પ્રાઈવેટ નંબર' પરથી ફોન આવ્યો હતો. જે નંબર ઉપરથી ફોન આવ્યો તેમાં કોઈ મોબાઈલ નંબર લખેલો આવતો ન હતો માત્ર 'પ્રાઈવેટ નંબર' લખેલુ જ આવતું હતું. એનો મતલબ કે કોઈ વીઆઈપી વ્યક્તિ કે કોઈ હસ્તીનો ફોન નંબર હોવો જોઈએ. કેમ કે પ્રાઈવેટ નંબર મેળવવા માટે સંબંધિત કલેકટરની મંજૂરી પણ જરૂરી હોય છે. તે ઉપરાંત આ નંબર માટે માસિક ચાર્જની વસૂલાત પણ મોટી કિંમતની હોય છે. પુંજાભાઈ વંશને સવારે આવેલા આ ફોનમાં સામેવાળી અજાણી વ્યક્તિએ ગુજરાતી ભાષામાં જેમ ફાવે તેમ અભદ્ર અને બિભત્સ ગાળાગાળી કરી હતી. સામેવાળી વ્યક્તિની બેફામ ગાળાગાળી

● અનુસંધાન પાના - ૭ પર

## મકરસંક્રાંતિ પર્વ પશુઓને ધાન્ય તથા વધુ પ્રમાણમાં લીલો ઘાસચારો ન ખવડાવવા અનુરોધ

મકરસંક્રાંતિનું પર્વ આપણા રાજયમાં ખુબ જ ઉમંગ અને ઉત્સાહથી ઉજવવામાં આવે છે. આ પર્વમાં અબોલ પશુધનને બાજરી, જુવાર વિગેરે જેવું ધાન્ય પલાળીને, રાંધીને કે દળીને ખવડાવવાની પરંપરા છે. ઘાસચારો ખાતા પ્રાણીઓની પાચનક્રિયા તદન ભિન્ન પ્રકારની હોઈ આ પ્રકારના ધાન્ય જાણે-અજાણે અપ્રમાણસર માત્રામાં-વધુ પ્રમાણમાં ખવડાવવાથી પશુને એસીડોસીસ, પોઇઝનીંગ, આફરો વિગેરે જેવી જીવલેણ બિમારીઓ થવાની પુરેપુરી સંભાવના હોય છે. આવી આકસ્મિક બિમારીમાં તાત્કાલિક સારવાર ન મળે તો પશુનું મૃત્યુ પણ નિપજે છે. જેના કારણે પશુ માલિકોને ભારે આર્થિક નુકશાની થાય છે. તદઉપરાંત પશુને વધુ પ્રમાણમાં એકલો લીલો ચારો ખવડાવવાથી પણ આ પ્રકારની બિમારીનો ભોગ બને છે.

રાજ્યના જાગૃત નાગરિક તરીકે મહામૂલા પશુધનના આરોગ્યની જાણે-અજાણે કોઈપણ પ્રકારની હાનિ ન થાય તે જોવાની આપણા સહુની નૈતિક ફરજ છે. મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે આ પ્રકારની રૂઢિ-પ્રણાલી મુજબ પશુધનને આ પ્રસંગે ધાન્ય ન ખવડાવવા તથા વધુ પ્રમાણમાં એકલો લીલો ચારો ન ખવડાવતા સુકૂં ઘાસ અથવા લીલું ઘાસ મિશ્રણ કરીને જ ખવડાવવા પશુપાલકો, સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ રાજયના તમામ નાગરિકોને સંયમ, વિવેક અને સજાગતા દાખવવા પશુપાલન ખાતા દ્વારા અપીલ કરવામાં આવે છે.

# ગાંધીનગરમાં આજે કરૂણા અભિયાન અંતર્ગત લોક જાગૃત્તિ અર્થે બાઈક રેલી યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા વનસંરક્ષકની કચેરીના સંયુક્ત ઉપક્રમે કરૂણા અભિયાન અંતર્ગત નગરજનોમાં જાગૃત્તિ લાવવાના ઉમદા આશયથી તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ રેલીનું આયોજન સવારના ૧૦ કલાકે ઘ-૪ નર્સરી ખાતેથી કરવામાં આવ્યું છે. તેમજ ઘ-૪ નર્સરી ખાતે નગરના ટુ-વ્હીલર ચાલકોને વહેલા તે પહેલાના ધોરણે વિના મૂલ્યે ૩૦૦ સેફટી ગાર્ડ પણ લગાવી આપવામાં આવશે.

જિલ્લાના વન સંરક્ષક અધિકારી એસ.એમ. ડામોરે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી, ૨૦૧૯ સુધી કરૂણા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન થકી ઉત્તરાયણના પર્વમાં ઘાયલ થયેલા પશુ-પક્ષીઓની સારંવાર અને પર્વની ઉજવણી દરમ્યાન શું શું ખાસ ધ્યાન રાખવું તે અંગેની જાગૃત્તિ લાવવાના ઉમદા આશયથી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી દરમ્યાન વહેલા તે પહેલાના ધોરણે ૩૦૦ ટુ-વ્હીલર ચાલકોને સેફટી ગાર્ડ વિના મૂલ્યે લગાવી આપવામાં આવનાર છે. આ રેલીમાં ગાંધીનગરની સરકારી સાયન્સ, કોર્મસ અને આર્ટસ કોલેજના ૧૦૦થી વધુ યુવાનો દ્વારા બાઈક રેલી અને વિવિધ શાળાઓના વિધાર્થીઓની પગપાળા રેલી સવારના ૧૦ કલાકે કાઢવામાં આવશે. બાઈક રેલી ઘ-૪ નર્સરીથી ઘ-૫, ચ-૫, વિધાનસભા, ચ-૩, ઘ-૩ થઈને ઘ-૪ નર્સરી ખાતે પરત આવશે. તેમજ વિવિધ શાળાના બાળકો દ્વારા ઘ-૪ નર્સરીથી કલેકટર કચેરી, ઘ-૩ સર્કલથી ઘ-૪ નર્સરી સુધીની રેલી યોજવામાં આવશે. તે સમગ્ર માર્ગ પર જન જાગૃત્તિના નારા અને બેનર્સ સાથે ફરશે.

સમગ્ર કાર્યક્રમના સુચારું આયોજન અર્થે મળેલી બેઠકમાં ગાંધીનગરના ડિઝાસ્ટર મામલતદાર પંચાલબેન, એ.સી.એફ. એન.વી. ચૌધરી સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ચિત્ર-વિચિત્ર ફેસ-માસ્ક સાથે પતંગબાજો પહેરશે રંગબેરંગી ટોપીઓ...!!

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં ઉત્તરાયણ આવી પહોંચી છે અને શહેરની વસાહતોમાં સવાર-સાંજ અજીબો ગરીબ અવાજ કાઢતા પીપૂડાં-બ્યુગલ વાગતા સંભળાવાનું ચાલુ થઈ ગયું છે. શહેરમાં ફેરિયાઓ સોસાયટીઓમાં ફરી ફરીને ચિત્ર વિચિત્ર અવાજવાળા પીપૂંડા-બ્યુગલ-સીસોટીઓ વગેરેનું વેચાણ કરી રહ્યા છે. વળી શહેરના પતંગબજારમાં પણ તે વેચાઈ રહ્યા છે. આ સાથે વિવિધ રંગબેરંગી ટોપીઓ અને અજબ ગજબ મુખૌટા સાથે ડેવિલ ક્રાઉન જેવી એલઈડી વાળી આઈટમો પણ ધૂમ વેચાઈ રહી છે.



ઉત્તરાયણ એ માત્ર પતંગ ચગાવવાનો તહેવાર નથી પરંતુ મિત્રો સ્નેહીજનો સાથે ગૃપમાં ધમાલ મસ્તી સાથે આનંદ ઉત્સવ મનાવવાનું પર્વ છે. શહેરમાં ઉત્તરાયણે ધાબા પર જામતા મોજ મસ્તીના માહોલમાં નાના બાળકોથી માંડીને યુવાન યુવતીઓ અને વડીલો પણ મસ્તીએ ચઢી જાય છે અને આનંદની કિકિયારીઓ સાથે ધાબા ગજવી મુકે છે. ઉત્તરાયણમાં માત્ર પતંગ દોરી કે ગુંદરપટ્ટીની ખરીદી નથી કરાતી પરંતુ વિવિધ ચિત્ર વિચિત્ર અવાજો કાઢતા બ્યુગલ, પીપૂંડા, અને સીસોટીઓનો પણ ઉપયોગ કરાય છે. આ સાથે પતંગબાજો રંગબેરંગી અવનવા આકારની ટોપીઓ પણ ધારણ કરે છે જેમાં શિકારી હેટથી માંડીને ફિધરકેપ, જોકર કેપ, રોબિનહૂડ કેપ, મીસવર્લ્ડ કેપ, રાઉન્ડ રીબન કેપ, બીગ રાઉન્ડ કેપ, ટેનિસ કેપ તથા કેપ વીથ ગોગલ્સ ખૂબ લોકપ્રિય છે. આ સાથે કેટલાક પતંગ રસિયા વિવિધ 'ફની' પાત્રોના મુખૌટા એટલે કે ફેસમાસ્ક પણ ધારણ કરતા હોય છે જેમાં ડરાવનારી ભૂતાવળના ખોપડી, ડાકણ, શેતાન અને પિશાચના ચહેરાથી માંડીને છોટા ભીમ, ડોરેમોન, દબંગ, રામલીલા ઉપરાંત નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધી જેવા રાજકીય નેતાઓના મુખૌટા પણ ઈન ડીમાન્ડ છે. આ સાથે ડેવિલ ક્રાઉન ખૂબ વેચાઈ રહ્યા છે.



# કોલવડામાં ધમધમતા જુગારના અડ્ડા પર વિજિલન્સનો દરોડો

**કોલવડાનો અશોક ઠાકોર વરલી અને ક્લબ બંને ચલાવતો હતો : વિજિલન્સે વરલી રમાડતા બે શખ્સોને અને ક્લબમાં બેઠેલા પાંચ શખ્સોને પકડાયા : મુખ્ય સૂત્રધાર અશોક ફરાર : ૬૮ હજારનો મુદ્દામાલ જપ્ત**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક આવેલા કોલવડામાં ખુલ્લેઆમ જુગારનો અડ્ડો ધમધમી રહ્યો હોવાની માહિતીના આધારે ગેમ્બલર અશોક ઠાકોરના અડ્ડા પર વિજિલન્સે દરોડો પાડતા ગાંધીનગર પોલીસમાં સન્નાટો ફેલાઈ ગયો છે. વિજિલન્સની ટીમે દરોડો પાડીને કોલવડા માં ચાલતા આ અડ્ડા પરથી બે શખ્સોને વરલી-મટકાનો જુગાર રમતા પકડી પાડયા હતા જ્યારે પાંચ શખ્સોને ક્લબમાં તીન પત્તીનો જુગાર રમતા પકડી પાડયા હતા. વિજિલન્સે વરલી મટકાનો જુગાર તથા ક્લબ પકડીને સાત શકુનીઓને ધરપકડ કરી તેમની પાસેથી કુલ ૬૮ હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પેથાપુર પોલીસમથકમાં આ મામલે ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા મુખ્ય સૂત્રધાર અશોક ઠાકોર સહિત આઠ શખ્સો સામે વિજિલન્સે કાર્યવાહી હાથ ધરી છે. પેથાપુર પોલીસ મથકના પીએસઆઈએ આ ગુનાની તપાસ શરૂ કરીને ફરાર અશોક ઠાકોરની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે. તો બીજી તરફ આ ક્લબ સ્થાનિક પોલીસના નીચેના કર્મચારીઓની મંજૂરીથી છેલ્લા દોઢ મહિનાથી ચાલતી હોવાની ચર્ચાને પગલે જિલ્લા પોલીસ અધિક્ષકે સ્થાનિક પોલીસની સંડોવણી મામલે ઈન્કવાયરી પણ શરૂ કરી છે.

કોલવડા ગામની સીમમાં

● અનુસંધાન પાના - ૭ પર

## જુગારીઓને અડ્ડા પર લાવવા-લઈ જવા ફેરી સર્વિસ ચાલતી હતી

કોલવડા ગામમાં ધમધમતા અશોકના જુગારના અડ્ડાને પબ્લીકની નજરથી બચાવવા અલગ ટ્રીક વાપરવામા આવી રહી હતી. જુગાર રમવા આવતા શકુનિઓ માટે અશોક સ્પેશ્યલ ફેરી સર્વિસ ચલાવતો હતો. જેમા પોતાની જ રિક્ષાઓ જુગારીઓને દુરથી લાવવા લઈ જવાનુ કામ કરતી હતી. જેને કારણે અડ્ડા પર ગ્રાહકોના વાહનોનો ખડકલો ન થઈ જાય..! જુગારીઓના વાહનો ગામની ભાગોળે પાર્ક કરાવાતા હતા. જુગારનો આ અડ્ડો સ્થાનિક પોલીસ મથકના નીચેના કર્મચારી દ્વારા એકાદ મહિનાથી છૂપી મંજૂરી આપીને રહેમનજર હેઠળ ચલાવવા દેવામાં આવતો હોવાની પણ ચર્ચાઓ ચાલી રહી છે. સ્થાનિક પોલીસની સંડોવણી મામલે ઈન્કવારી શરૂ કરાવીને એસપી મયુર ચાવડાએ પોતાની ટીમ મારફતે આ મામલે તપાસ શરુ કરાવી છે.

